RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 194 Date: 05.05.2024 Sunday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# શાહે ગેરેન્ટી આપતા કહ્યું કે, જ્યા સુધી ભાજપ સરકાર છે ત્યા સુધી અનામતને કોઈને હાથ લગાવવાનો કોઈને અધિકાર નથી



નવસારી,તા.૫

લોકસભાની ત્રીજા તબક્કાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે અમિત શાહ આજે ગુજરાતની મુલાકાતે થયા છે. છોટાઉદેપુરના બોડેલીમાં સભા સંબોધ્યા બાદ અમિત શાહ નવસારીના વાંસદા પહોંચ્યા હતા અહીં યોજેલી જનસભામાં અમિત શાહે કહ્યુ કે આંતકવાદ, ભ્રષ્ટ્રાચાર સહિતના મુદ્દાઓ પર કોંગ્રેસ પાર્ટીને ઘેરી છે.

આ ઉપરાંત જણાવ્યુ કે એસટી અને ઓબીસીના ભાગની અનામત મુસ્લિમોને આપવામાં આવી છે. કર્ણાટકમાં કોંગ્રેસ પાર્ટી મુસ્લિમોને ઓબીસીમાંથી ભાગ આપ્યો છે. રામ મંદિરના મુદ્દે પર પણ કોંગ્રેસ પર પ્રહાર કર્યા છે. અમિત શાહે જણાવ્યુ કે રામ મંદિરની પ્રાણપ્રતિષ્ઠામાં કોંગ્રેસના નેતા હાજર રહ્યાં ન હતા. ભાજપ જે કહે છે તે કરી બતાવે છે.ભાજપે નકસલવાદને પણ ખતમ કર્યો છે. જ્યારે ઈન્ડીયા ગઠબંધનના વડાપ્રધાન કોણ બનશે તેનો તેમના પાસે જવાબ નથી.

અમિત શાહે કોંગ્રેસ પર પ્રહાર કર્યા હતા. તેમણે આતંકવાદ, ભ્રષ્ટાચાર સહિતના મુદ્દે કોંગ્રેસને ઘેરી હતી. અમિત શાહે કહ્યુ કે રાહુલ ગાંધી રસી પર પહેલા સવાલ ઉઠાવતા હતા. કોંગ્રેસે મહામારીમાં પણ રાજનીતિ કરી હતી. બીજી તરફ અમિત શાહે કહ્યુ કે ભાજપ જે કહે છે તે કરીને બતાવે છે. રામ મંદિરની વાત કરી અને તે બનાવીને બતાવ્યુ.છોટાઉદેપુરના બોડેલીમાં અમિત શાહની જનસભા યોજાઇ, જેમાં તેમણે ઈન્ડિયા ગઠબંધન પર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યુ કે રાહુલ ગાંધી એન્ડ કંપની સત્તામાં આવશે તો મુસલમાનોને અનામત આપી દેશે. રાહુલ ગાંધી સ્પષ્ટતા કરે કે ઓબીસી અનામતને કોઇ નુકસાન નહીં થાય.બોડેલીની સભામાં અમિત શાહે કહ્યુ કે અયોધ્યામાં રામ મંદિરના મુદ્દાને કોંગ્રેસે લટકાવી રાખ્યો હતો.મોદી સરકારે પ્રાણ પ્રતિષ્ઠા કરીને રામને ઘરમાં સ્થાન આપ્યુ.અયોધ્યામાં ભવ્ય રામ મંદિર બનાવવામાં આવ્યુ છે.છતા કોંગ્રેસ અને આપ વોટબેંક માટે પ્રાણ પ્રતિષ્ઠામાં હાજર રહ્યા ન હતા.અમિત શાહે સભામાં કહ્યુ છે કોંગ્રેસ પાર્ટી આદિવાસીઓની વિરોધી છે. જો કે મોદી સરકારે ૧૨ કરોડ ઘરમાં શૌચાલય બનાવ્યા છે. તેમજ ૪ કરોડ ગરીબોના ઘર બનાવ્યા અને ૧૪ કરોડ ઘરોમાં પાણી પોંહચાડ્યુ છે. જ્યારે ૬૦ કરોડ લોકોને ૫ લાખ સુધીનો સ્વાસ્થ્ય વીમો પૂરો પાડ્યો છે.અમિત શાહે સભામાં જણાવ્યું કે, તમે જશુભાઈને જે વોટ આપશો તે દિલ્હીમાં મોદીને વડાપ્રધાન બનાવવાનું કામ કરશે. નરેન્દ્ર મોદીએ ગુજરાતથી દેશ સુધી સુરક્ષા, સ્વાસ્થ્ય, સમૃદ્ધી, શિક્ષાનું કામ નરેન્દ્ર મોદીએ કર્યુ છે.

આ સાથે જ તેમણે કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે, આપણી સામે કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધન ચૂંટણી લડી રહ્યું છે, ત્યારે તે જીતવાના તો છે નહીં, પરંતુ ભગવાન ન કરે અને તે જીતી જાય તો છોટાઉદેપુરની જનતાને પુંછવા માંગુ છું કે, વડાપ્રધાન પ્રધાન કોણ બનશે. અમારો તો ચોખ્ખો હિસાબ છે કે, ભાજપ જીતશે એટલે મોદી સાહેબ વડાપ્રધાન બનશે. આ સાથે જ તેમણે કહ્યું કે અરે અકલના ઓથમિરો આ ભાગીદારી નથી, દેશ ચલાવવાનો છે.

અનામત મામલે જણાવ્યું કે, હમણાં રાહુલબાબા એન્ડ કંપની કહે છે કે, મોદી વડાપ્રધાન બનશે તો અનામત જતી રહેશે. ભાજપે ૪૦૦ પારનો નારો અનામત છીનવી લેવા માટે આપ્યો છે. અને રાહુલ બાબ કોઈ સલાહ કાર તો સારા રાખો, ૨૦૧૪માં ભાજપ પાસે બહુમતી હતી, ૨૦૧૯માં પણ બહુમતી હતી પરંતુ નરેન્દ્રભાઈએ એસસી એસટી,ઓબીસીની અનામત હટાવવાનું કામ નથી કર્યું. શાહે ગેરેન્ટી આપતા કહ્યું કે, જ્યા સુધી ભાજપ સરકાર છે ત્યા સુધી અનામતને કોઈને હાથ લગાવવાનો કોઈને અધિકાર નથી. આ અધિકાર એસસી એસટી ઓબીસી ભાઈનો છે, તેની પાસેથી ક્યારે છીનવામાં આવશે નહી.

## ગુજરાત હાઈકોર્ટે જીપીસીબીને દરિયાકાંઠે ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવાના મામલે નોટિસ ફટકારી

અમદાવાદ,તા.૪

ગુજરાત હાઈકોર્ટે દરિયાકાંઠે ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવા માટે મેન્ગ્રોવના ઝાડ મોટી સંખ્યામાં કાપી નાખવામાં આવતાં ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને અમરેલીની જિલ્લા ઓથોરિટીને નોટિસ ફટકારી જવાબ માંગ્યો છે.

ગુજરાત હાઈકોર્ટે જાફરાબાદના દરિયાકાંઠે ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવા માટે મોટી સંખ્યામાં મેન્ગ્રોવના ઝાડ કાપી નખાયા હોવાની પીઆઈએલને ધ્યાનમાં લેતાં ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને અમેરિલી જિલ્લા ઓથોરિટીને નોટિસ આપી જવાબ માંગ્યો છે. આ પીઆઈએલ જાફરાબાદના હરેશ બાંભણિયા દ્વારા કરવામાં આવી હતી.

બાંભણિયાએ પીઆઈએલ મારફત જણાવ્યું છે કે, થોડા દિવસ પહેલાં ડિસેમ્બર-૨૩માં અમુક લોકોએ આ વિસ્તારમાં મેન્ગ્રોવના ઝાડ કાપી જગ્યાને સમતળ બનાવી ત્યાં ક્રિકેટ પીચ બનાવી દીધી છે. જો કે, આ વિસ્તાર કોસ્ટલ રેગ્યુલેશન ઝોન હેઠળ આવતો હોવાથી પર્યાવરણના કાયદા અંતર્ગત તેને આ પગલું લેવાની મંજૂરી નથી.

## સાણંદમાં પતિએ પૂર્વ પત્નીના પ્રેમીને હથોડીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યો

અમદાવાદ,તા.૪

અમદાવાદના સાણંદમાં ગત તારીખ ૧ મે ના દિવસે ઉમાં એસ્ટેટમાં આવેલા ઈક્કોસેફ એગ્રી સાયન્સ ઈન્ડિયા નામની કંપનીમાં નોકરી કરતા અને સીમમાં ઓરડીમાં રહેતા અભિષેક ડાકોર નામના યુવકની હત્યા થઈ હતી. મૃતકના પિતાની ફરિયાદને આધારે સાણંદ પોલીસે તપાસ કરતા સામે આવ્યું કે અભિષેક ની હત્યા તેની સાથે રહેતી તેની પ્રેમિકા પ્રિયંકાના પૂર્વ પતિએ કરી છે. જેને આધારે સાણંદ પોલીસે હત્યારા પતિ જુવાન વડેરાની ધરપકડ કરી છે.

એકાદ વર્ષથી પતિ પત્ની વચ્ચેના અણબનાવને કારણે બંને વચ્ચે છૂટાછેડા થયા હતા. જે બાદ પત્ની તેના પ્રેમી સાથે રહેતી હતી જેનો વેર રાખીને પતિએ પત્નીના પ્રેમીની હત્યા કરી નાખી છે. જોકે ફરિયાદને આધારે પોલીસે હત્યારા પતિની ધરપકડ કરી છે.સમગ્ર મામલે હત્યારા જુવાન વડેરા અને મૃતકની પ્રેમિકા પ્રિયંકાની પોલીસ તપાસ દરમિયાન પૂછપરછમાં સામે આવ્યું કે, બંને એક વર્ષ પહેલાં પતિ પત્ની હતા. પરંતુ બંને વચ્ચે ચાલી રહેલા મન દુઃખ ને કારણે એક વર્ષ પહેલાં બંનેએ છૂટાછેડા લીધા હતા. બંને વચ્ચેના છૂટાછેડા બાદ પત્ની પ્રિયંકા તેના પ્રેમી અભિષેક સાથે રહેતી હતી. પ્રિયંકા અને પ્રેમી અભિષેક મૂળ રાજસ્થાનના વતની છે અને બંને રાજસ્થાન રહેતા ત્યારથી એક બીજાના પરિચયમાં હતા. આ ઉપરાંત અમદાવાદમાં પણ બંને એકજ કંપનીમાં કામ કરતા હતા અને એકબીજાના પાડોશી પણ હતા.

પૂર્વ પતિ જુવાન વડેરા તેની પત્ની અને પ્રેમી વચ્ચેના સંબંધને લઈ રાતના સમયે પૂર્વ પત્નીના પ્રેમીના ઘરે પહોંચી હતો. જયાં અભિષેક અને પ્રિયંકા બંને ઘરે જ હતા ત્યારે હથોડી વડે અભિષેકને માથાના ભાગે માર મારી હત્યા કરી હતી. બાદમાં પૂર્વ પત્ની પ્રિયંકાને પણ માથા માં ઘા મારીને ઈજાઓ પહોચાડી હતી. જેને લઈ પૂર્વ પત્ની પ્રિયંકાને સારવાર હેઠળ ખસેડવામાં આવી હતી. જ્યારે પ્રિયંકાના પ્રેમીનું મોત નિપજ્યું હતું.

હાલતો મૃતકના પિતાની ફરિયાદને આધારે આણંદ પોલીસે હત્યારા પતિ જુવાન વડેરાની ધરપકડ કરી છે. પોલીસ તપાસ કરી રહી છે કે અભિષેકની હત્યા બાદ જુવાન વડેરા તેની પૂર્વ પત્ની પ્રિયંકાની પણ હત્યા કરવા જઈ રહ્યો હતો કે ખરેખર તેને ઈજા પહોંચાડવાનો ઈરાદો હતો. આમ ડબલ મર્ડર કરવાના ઈરાદે તે અભિષેકના ઘરે પહોંચ્યો હોવાને લઈને પણ તપાસ હાથ ધરવામાં આવી છે. પ્રિયંકાને પણ માથાના ભાગે અભિષેકની જેમ જ હથોડીના ઘા ઝીંક્યા હતા.







ડાંગ જિલ્લા સુબીર તાલુકામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના માં શિવબારા પાંઢરપાડા રોડ માં નિષ્પક્ષ તપાસ કરવામાં આવી નથી ભ્રસ્ટાચાર થયેલ છે તે નિશ્ચિત છે ગામ લોકોમાં ચર્ચાડાંગ જિલ્લા સુબીર તાલુકામાં ૨૦૨૦-૨૦૨૧ માં રિસરફેશિંગ ઓફ શિવબારા પાંઢરપાડા ૫૬,૯૯,૫૦૦=૦૦ માં બનાવવા માં આવ્યો છે પરંતુ અહીંયા નિયમો નેવે મૂકીને કામો કરવામાં આવ્યા છે. જે તે સમય ના અધિકારી મિત્રો દ્વારા અહીંયા દેખીતો ભ્રસ્ટાચાર કરવામાં આવ્યો છે સાઈડ સોલ્ડર અને રોડ ફર્નિચર અને ગટર કાંઈ જ જોવા મળતું નથી આ કેવો દેખીતો ભ્રસ્ટાચાર છે પરંતુ અહીંયા ના અધિકારી મિત્રો ને કેમ દેખાતું ની હશે કારણકે જો દેખાય તો કામ કરવું પડે લોકોને દેખાય છે અને અધિકારી મિત્રો ને કેમ દેખાતું ના હશે એ એક તપાસ નો વિષય છે જે તે ટાઈમના અધિકારી મિત્રો દ્વારા અહીંયા ચોક્કસ ભ્રસ્ટાચાર કરવામાં આવ્યો છે આ વિકાસ લોકોના માટે નો નથી અધિકારી મિત્રો માટે નો છે



## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO 224**

વિષય :- "આકુળ વ્યાકુળ"
શિર્ષક :- પ્રતીક્ષારત દૈવત્વ
પ્રકાર :- અપદ્યાગદ્ય-શબ્દ :- ૨૧૫

કેટલા ખુશનસીબ છે
એ પંખી જે સાંજ ઢળતા જ
થઈ જાય છે આકુળ વ્યાકુળ
અને તેથી
પોતાની પાંખને લહેરાવતા
ઉડી જાય છે
પોતાના માળાની તરફ
જ્યાં થઈ રહી હોય છે
તેમની આતુરતાથી પ્રતીક્ષા..

પણ
કેટલીક જીંદગી એવી પણ છે
જેને સવાલ હોય
હું કેમ થાઉં
આટલી આકુળ વ્યાકુળ
હું કેમ ભાગું?
હું કેમ દોટ લગાવું?
ક્યાં છે મારું ઘર?
કોને છે મારી પ્રતીક્ષા?
કોણ છે મારા માટે આકુળ વ્યાકુળ?
કોણ છે મારી રાહમાં વિહવળ?

મારા નસીબમાં તો
ફક્ત નામની જ છે ખુશી
જ્યાં છે કેટલા બધા
વણકહ્યા વણસાંભળ્યા
ક્યારેય સચ્ચાઈમાં
ના બદલવાવાળા
સ્વપ્નોની રાખના ઢગલાં
જ્યાં નથી કોઈ મારું પોતાનું
જે કરી રહ્યું હોય
વ્યાકુળતાથી મારી પ્રતીક્ષા
માત્ર મારી પ્રતીક્ષા

અને એ પ્રતીક્ષારત
આંખોને જોઈને
મારી દિવસભરની થકાવટ
થઈ જતી કોસો સુધી દૂર
અને મારી દરેક સાંજ એકવાર ફરીથી જીવંત થતી
ને દૂર થઈ જતી મારી વ્યાકુળતા..

આવવાવાળી દરેક પળનો
આવવાવાળી દરેક તકલીફનો સામનો કરવા માટે
મને પણ એ પંખીઓની જેમ
જ આકુળતા વ્યાકુળતા રહેત પોતાના 'માળા' પર
ઘર પર પહોંચવાની..

ક્યાંથી લાવું એ સમયને હું
જે ના તો મારી કિસ્મતમાં છે
કે ના તો એનાથી
મારી કોઈ પરખ છે
અહીંયા તો છે બસ
મારી એકલતા
મારી વ્યાકુળતા
અને
મારી પ્રતીક્ષા
ક્યારેય ખતમ ના થવાવાળી પ્રતીક્ષા..

આલેખન :- પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ '

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 181**

વિષય : આકુળ વ્યાકુળ
શિર્ષક :"તન આકુળ મન વ્યાકુળ"
પ્રકાર : ગદ્ય - શબ્દો : ૩૩૮

એક માત્ર ફોનકૉલ મારી આખી દુનિયા અસ્તવ્યસ્ત કરી ગયો,
ના, કોઈ ફોનકૉલ આવ્યો ન હતો મારો એ છેલ્લો કૉલ એણે ઉપાડ્યો ન હતો, ત્રણેક કલાક વીતિ ગયા હું દર પાંચ દસ મિનિટમાં સતત કૉલ કરું છું
તું ફોન ઉપાડે તો કહું ને!. હું એટલી બધી બેબાક થઈ ગઈ છું ,આટલી "આકુળવ્યાકુળ" તો ક્યારેય ન હતી
"તન થી આકુળ અને મન થી વ્યાકુળ"
સમજમાં જ નથી આવતું તારો ફોન આવે એટલી પણ ધીરજ નથી મારામાં નથી ,
ત્યાં મારા ફોન પર તારા નંબરથી કૉલ આવ્યો એક ક્ષણ વાર ન લાગે એ રીતે ફોન ઉપાડ્યો પણ અવાજ અજાણ્યો હતો, એટલે મેં પૂછ્યું જેનો ફોન છે એ ક્યાં છે ,એણે કહ્યું "વો તો નહીં રહે ! બહોત મુશકીલ સે ફોન ઓપન કીયા , ઙ્ગજં ષ્ઙ્ગઙ્ગ આપકા થા તો આપકો ડાયલ કીયા હૈ, એ તો બોલતો રહ્યો પણ મારા કાન માં "વો તો નહીં રહે , વો તો નહીં રહે" એના જ પડઘા સંભળાયા કરે છે.
હું સમજી નથી શકતી કે જે સમજી છું એ માનવામાં મન નથી માનતું એ જ સમજાયું નહીં,
નહીં રહે મતલબ ક્યાં જતા રહ્યા??
ફોન કરીને જાવું હતું ને હું ક્યારની રાહ જોઉ છું.
ત્રણ કલાક પહેલાં જ કીધું હતુ ને કે હમણાં ફોન બંધ કરું છું , જેવો ફ્રી થાઉં કૉલ કરીશ, બાય લવ યુ,
તો પછી એવું તે શું થયું કે સીધો આવો ફોન ? અને આ કોણ છે એ તો મેં પૂછ્યું જ નથી, ભાન માં આવી મેં એને પૂછ્યું "ઓ ભાઈ પણ આપ કોન હો?. ફોન કહા સે મીલા?. વો કહા હૈ?, ક્યા હુઆ વહા પે?
આપ ક્યા બોલ રહે હો સચ સચ બોલો બાત ક્યા હૈ?.. પાંચ સવાલ માં પચ્ચીસ ડૂસકાં સાથે અને છેલ્લે તો આક્રંદ સાથે રડી જ પડી.
આ પાંચ સવાલ મારા ગળામાં જાણે ડૂમો ભરાય એમ ભરાઈ ગયા.
સાવ બેસી જ ગઈ,
હજીય આકુળ વ્યાકુળ થઈ જાય છે મન
હજીય માનવામાં નથી આવતું કે તારો સાથ છૂટી ગયો !
હજીય મારા જીવનમાં તારી કમી છે જે કોઈ પુરી ન કરી શકે !
હજીય સંભારણા માં યાદ આવી જાય છે તારી તારા વિના કેવી "આકુળ વ્યાકુળ" થાવ છું
તારી ??કૌસુમી
લેખન : સુરમી બધેકા મુંબઈ - કૌસુમી ??

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N. O. G. S. S. No, 0102.**

વિષય :- આકુળ વ્યાકુળ.
શીર્ષક :- પરિવાર આકુળ વ્યાકુળ.
પ્રકાર :- ગદ્ય લેખ.
શબ્દ સંખ્યા:-૩૪૦,
લેખકનું નામ:- રતીલાલ વાયડા

રચના:-

ઘણા વર્ષ પહેલાની એક સત્ય ઘટના આપની સમક્ષ રજુ કરું છું જેને કારણે મારા પરિવારના લોકો ભારે આકુળ વ્યાકુળ થઈ ગયા હતા.

હું મારા પત્ની અને મારા બે બાળકો અમે પ્રવાસમાં નીકળ્યા હતા. દિલ્હી ,હરિદ્વાર વગેરે ઠેકાણે ફરી અને અમે રાજસ્થાન જયપુરમાં આવ્યા અને જયપુરમાં આમેરનો કિલ્લો જોવાની ઈચ્છા થઈ તેથી તે તરફ અમે આગળ વધ્યા .

રસ્તામાંથી એક મોટર કરી જે મોટરમાં બેસી અમે આમેરના કિલ્લા તરફ જઈ રહ્યા હતા , મોટર ની અંદર બીજા લોકો પણ હતા કે જેઓ પણ આમેરના કિલ્લામાં જવા માગતા હતા. તેઓએ મને કહ્યું કે તમે અમારી સાથે રહેજો અમે તો સાવ અ જાણ્યા છીએ .મેં કહ્યું "ચિંતા ન કરો આપણે સાથે જઈએ ."

આમ નક્કી કરી અને અમે આગળ , આમેરનો કિલ્લો આવ્યો એટલે અમને ઉતાર્યા.

મેં તેઓએ કહ્યું , "આપ અહીંયા બેશો અને હું પ્રવેશ ટિકિટ વગેરેની તપાસ કરી અને આવું છું ". થોડીવાર પછી હું આવ્યો ત્યારે મારા પરિવારનો અને તે લોકો પણ કોઈ હતા નહીં એટલે મેં આસપાસ તપાસ કરી તેવો મને ક્યાંય પણ નહીં મળ્યા. મને થયું કે કદાચ તે લોકો આમેરના કિલ્લા તરફ ગયા હશે . જેથી હું કિલ્લામાં ગયો લગભગ બે કલાક સુધી આમેરના કિલ્લામાં ફર્યો તો મને મારા પરિવારજનો કે મારા સાથીઓ કોઈ દેખાણા નહી.હું આકુળ વ્યાકુળ થયો અને ફરી પાછો કિલ્લાની નીચે ઉતરી અને જ્યાં અમારી મોટર ઉભી હતી તેની આસપાસ તપાસ કરવા લાગ્યો, ત્યારે જોયું મારા કુટુંબીજનો બધા જ રડતા હતા અને તેઓને એમ થયું કે મને શું થયું હશે ? એ ચિંતામાં અને ચિંતામાં તે લોકો આકુળ વ્યાકુળ થઈ ગયા હતા. ત્યારે મેં તેઓને કહ્યું, " મને એમ કે તમે લોકો આ બધાની સાથે છો હું તમને શોધવા માટે ત્યાં જઈ રહ્યો હતો. ખૂબ ફર્યો પણ તમે ન મળ્યા".

મારી પત્નીએ કહ્યું, "આપણી સાથેના લોકો તો અમને છોડી અને ચાલ્યા ગયા અને અમે તો તમારી રાહ જોઈ અને અહીંયા બેઠા છીએ. તમને ઘણી વાર થઈ ન આવતા અમે ખૂબ ગભરાઈ ગયા.

મને મળી અને તેની આકુળતા અને વ્યાકુર્તાનો અંત આવ્યો, ત્યારબાદ અમે નાસ્તો ચા પાણી કરી અને ફરી પાછા આમેરના કિલ્લામાં પ્રવેશ કર્યો અને આખો કિલ્લો જોયો અને આનંદથી પાછા ફર્યા .

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG* *SS* *No.* *0185.***

★વિષય:-★ ★આકુળ વ્યાકુળ★
★શીર્ષક:-★ ★મનડું મારું આકુળ વ્યાકુળ★
★પ્રકાર:-★ ★પદ્ય★ ★શબ્દ સંખ્યા:-★ ★૧૩૫★

પૃથ્વી તણી કદર ન કરી, માનવ આકુળ વ્યાકુળ થાય,
જંગલ કાપી મકાનો કરે, વર્ષાના બફારે ટાઢક ન થાય,

આગ ઓકતા ઉનાળે, જીવો આકુળ વ્યાકુળ થાય,
એ.સી મશીન વાપરે સૌ, હવામાને ઠંડક ક્યાંથી થાય,

લાપતા થાય વહાલસોયો, જીવ પડીકે સૌના બંધાય,
નીંદે હરામ સૌ, આકુળ વ્યાકુળ આંખે આંસુ બંધાય,

સંબંધોમાં ભાવ વીખરાય, મનડુ આકુળ વ્યાકુળ થાય,
ભૌતિક જગમાં ત્રાજવે ભાવ તોલે, અંતર પેદા થાય,

કુસંગે લત કુટેવોની, તમાકુએ આકુળ વ્યાકુળ થાય,
શરીરે કેન્સર લાગુ પડે,, રીબાઈને માફી માંગતો જાય,

સંસ્કાર અભાવે કળિયુગ દોડાવે, મતભેદે જુદા થાય,
કલહ કંકાસના ધોધે, આકુળ વ્યાકુળે ઝુરતો જાય,

શેરબજારે લાલચે દોડે, નફો મેળવવા ઉતાવળો થાય,
કમરતોડ નુકસાનીએ, ડિપ્રેશને આકુળ વ્યાકુળ થાય,

કાનુડાના દર્શને મીરાં, ભક્તિએ આકુળ વ્યાકુળ થાય,
રાણાએ દિધો ઝેરનો કટોરો, મીરાં હોંશથી પી જાય,

શ્યામસુંદરને પામવા, રાધાજી આકુળ વ્યાકુળ થાય,
જીવડો રાધાનો ક્યાંય ન લાગે, આંસુના તોરણ થાય.

- દિલીપ સી.
સોની''ઝરૂખો''

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG NO. 0059**

વિષય:આકુળ વ્યાકુળ
પ્રકાર: હાંઈકૂ. રચના:નવ
શીર્ષક: ★ભ્રમ સત્ય★
લેખક:જયકાન્ત ઘેલાણી ★પ્યારે★

આકુળ દુઃખી,
વ્યાકુળ પણ, દુઃખી ?
છોડે ? સૌ સુખી !

જગમા કોંઈ
કોંઈનુ નથી જાણે
છે, સૌ,-આકુળ !

જ્યા લાગણી,
સૌ, આકુળ વ્યાકુળ ?
થાય સૌ દુઃખી !

જન જીવન
દુઃખી- દુઃખી કારણ ?
છે , સૌ વ્યાકુળ !

હોય ગરમ
સ્વભાવ તો માનજો
છે, તે આકુળ !

જગમા બને,
સૌ -સુખી? હા જો, છોડે
સૌ વ્યાકુળતા !

છે ભ્રમસત્ય
જાણે જગ સાર, તે
છે, આકુળતા !

છે ભાઈ બેજ !
આકુળ ને વ્યાકુળ
છે જગ દુઃખી ?

જેનો સ્વભાવ
વધુ ઉગ્ર ! કારણ ?
ઉગ્ર વ્યાકુળ !

# અમદાવાદ ખાતે સમસ્ત મહાજનનો વાર્ષિક ઉત્સવ યોજાશે – ડો. ગિરીશ શાહ

સમસ્ત મહાજન વૈશ્વિક સ્તરે જળ, જંગલ, જમીન, પ્રાણીઓની સુખાકારી માટે પ્રયત્નશીલ રહે છે.૧૯૯૬ ના દાયકાના અંતમાં, ચમત્કાર જેવી ઘટનાએ ગિરીશભાઈનાં જીવનનો માર્ગ બદલી નાખ્યો. તેમને જીવદયાનાં કર્યો કરવાની સલાહ મળી. સમસ્ત મહાજને ઓગસ્ટ, ૨૦૦૨માં કામ કરવાનું શરૂ કર્યું હતું. સમસ્ત મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. ગિરીશભાઈ શાહે એક સૂત્ર સાથે આગળ વધવાનું શરૂ કર્યું. ×સેવા અને રક્ષણ કરો×. ૨૧ વર્ષથી વધુ સમયથી સમસ્ત મહાજન પશુ કલ્યાણ, પર્યાવરણ સંરક્ષણ, ગ્રામીણ વિકાસ, માનવ કલ્યાણ, સ્વચ્છતા અભિયાન, કુદરતી આપત્તિઓ દરમિયાન રાહત વગેરે જેવા વિવિધ સામાજિક કારણો તરફ અથાગ મહેનત કરી રહ્યું છે. વર્તમાન સમયમાં ડૉ. ગિરીશભાઈ શાહ જીવનનો મહતમ સમય જીવદયા, ગૌસેવા, માનવસેવા, શાકાહાર પ્રચાર પ્રસાર સહિતની પ્રવૃતિઓમાં વ્યસ્ત રહે છે. આવા માનવતાવાદી હેતુ માટે ડૉ. ગિરીશભાઈ શાહના નોંધપાત્ર યોગદાનને સમાજ દ્વારા ખૂબ જ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. તેમને અને સમસ્ત મહાજનને જીવદયા રત્ન, પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે ઈન્દિરા પ્રિયદર્શીની વૃક્ષમિત્ર એવાર્ડ, આચાર્ય ચાણક્ય – ૨૦૨૦ સહિત અનેક પુરસ્કારો એનાયત કરવામાં આવ્યાં છે. કચ્છ, મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિતનાં અનેક વિસ્તારોમાં ૩૦૦થી વધુ ગામોમાં તળાવ ઊંડા કરવા, ગૌચર નિર્માણ સહિતનાં કાર્યો માટે સમસ્ત મહાજન સેવારત છે. ગ્રામીણ વિકાસના ભાગ રુપે ૭૫ નવા તળાવો તૈયાર કરવામાં આવ્યા છે અને ૧ લાખથી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા છે, સમસ્ત મહાજન દ્વારા દેશમાં અનેક પાંજરા પોળોને મદદ કરવામાં આવી છે. સમસ્ત મહાજન મુખ્યત્વે શિક્ષણ, આરોગ્ય, રેસ્ક્યુ વર્ક, ગૌશાળા અને પાંજરાપોળોને સહાય તેમજ સ્વનિર્ભર બનાવવા, સ્વનિર્ભર ખેતી, જળ સંચય, જીવદયા રથ, ભોજન રથ સામાજિક ઉત્થાન, ખાસ કરીને કુદરતી કે માનવસર્જિત આફતો દરમિયાન તાત્કાલિક સહાય, પશુઓની કતલ તેમજ બલી અટકાવવી, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે જીવદયા, ગૌસેવા, માનવસેવા સહિતના અનેકવિધ સત્કાર્યોનો સમાવેશ થાય છે. વર્તમાન સમયમાં મુંબઈ ખાતે રાષ્ટ્ર સંત પરમ ગુરુદેવ



નમ્રમુનિ મહારાજ સાહેબનાં આશીર્વાદથી 'અર્હમ અનુકંપા' પ્રોજેક્ટ હેઠળ સુપર સ્પેશીયાલીટી એનીમલ એમ્બ્યુલન્સની શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત સેંકડો જીવોને સ્થળ પર જ સારવાર તેમજ અભયદાન પ્રાપ્ત થયું છે અને તેમની જિંદગીઓ પણ બચી છે. સમગ્ર ભારતમાં આ પ્રકારની એમ્બ્યુલન્સ સરકાર તેમજ સમાજ અને સંસ્થાઓનાં માધ્યમથી થાય તે માટે ડૉ. ગિરીશભાઈ શાહ સતત કાર્યશીલ છે. તે છેલ્લા કેટલાક વર્ષોથી ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડનાં સભ્ય તરીકે પણ પોતાની સેવા આપી રહ્યા છે. આજે સમસ્ત મહાજનની સેવાભાવી પ્રવૃતિઓ આ વિશ્વને સુંદર બનાવવામાં તેનું યોગદાન આપી રહી છે.સમસ્ત મહાજન દ્વારા મુંબઈ બાદ હવે અમદાવાદ ખાતે વાર્ષિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં સમસ્ત મહાજનનાં ગતવર્ષનાં કાર્યોનું વિશ્લેષણ અને નવા વર્ષમાં કરવામાં આવનાર સેવાકીય કાર્યોની ચર્ચા વિચારણા કરવામાં આવશે. કાર્યક્રમ ૫ મે, રવિવારનાં રોજ સાંજે ૫:૩૦ કલાકે, શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી, અમદાવાદ ખાતે રાખવામાં આવ્યો છે.

# હાશ, હવે લોકલ વોકલ ઠગોની અછત દૂર થઈ!!!!

આપણે કેટલી હિણપત અનુભવતા હતા. હિણપત કેમ ન અનુભવીએ??આપણે દેશનું ગ્રોથ એન્જિન. ( જો કે સ્ટિમ એન્જિન, ડીઝલ એન્જિન, વંદે ભારત એકસપ્રેસનું એન્જિન, ઈલેકટ્રિકલ એન્જિન, હાઈબ્રીડ એન્જિન એવો પણ ફોડ પાડવાની તકલીફ લીધી નથી.ગુજરાતના વિકાસ મોડેલની દેશ નહીં પણ દુનિયામાં દુહાઈ દેવામાં આવે છે. આપણે મોર બની થનગનાટ ( બીજા જાણે કાગડો બની કકળાટ ન કરતા હોય!!!) કરીએ છીએ. પરંતુ, આ બધું કોને કહીએ?? કેમ કે, આમાં તો કાગળિયા લખવાના બદલે દલડા બાળવાના??

અમારી હાલત સીતા માતા જેવી થાય. ધરતી માતાએ સીતા માતા સિવાય કોઈને મારગ આપેલો છે તેવી પણ અધિકૃત માહિતી ગુગલ કે ઈન્સ્ટાગ્રામ કે વોટસએપ યુનિવર્સિટીમાં ઉપલબ્ધ નથી!! અમો મનોમન હીજરાતા હતા કે આ ભવનું તો સમજ્યા પણ પાછલા ભવમાં નક્કી પાપ જ કર્યા હશે નહિંતર ,આપણી આવી દશા ન હોય. શરમના માર્યા કે લાંછનના કારણે ટટાર શરીરે ઉન્નત મસ્તકે ફરી ન શકીએ. ?પહેલાના જમાનામાં દીકરીના બાપનું માથું પપૈયાના વૃક્ષની જેમ ઝૂકેલું હોય. હવે તો દીકરીના બાપ વીફર્યા છે. અમે એવું શું કર્યું છે કે અમારે મસ્તિક નમાવવું પડે, ઝૂકાવવું પડે??

આ પ્રકારની નાલેશી ભોગવવા કરતા વાવ-કૂવો પૂરવો એવું પણ નિરાશામાં ગરકાવ થયા ત્યારે વિચારેલું. આજકાલ આપણે જેની વિચારણા કરીએ છીએ તેનો કયા અમલ કરી શકીએ છીએ? ગબ્બરસિંહ જેવી પત્ની સામે છેલ્લા વરસોથી બળવો કે બહારવટું કરવા વિચારતા હોવ તો પણ કાચા પગના હોવાથી કયા અમલ કરો છો??માસ્તરોના બહારવટા જેવી પરિસ્થિતિ છે.

કાઠિયાવાડમાં એક દુહો છે.'' જણનારી વીર જણજે કે શૂર નહિતર રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.આવડા મોટા મુલ્કમાં પ્રદેશને ગૌરવશાળી બનાવે તેવા વીર કયા પેદા થાય છે!!એટલે આપણે પારકા પ્રદેશના મહાનુભાવોની પૂજા કરવાની! આપણે ત્યાં વીર પેદા થાય ત્યાં સુધી રાહ જોવા સિવાય બીજો કોઇ વિકલ્પ પણ કયાં છે???

હરકિશન મહેતા જેવા લેખકે પીળા રૂમાલની ગાંઠ પુસ્તક લખેલું તેમાં ઠગ મહાશયોનું રસાળ વર્ણન કરેલ છે!!આપણે આનાથી જ સંતોષ માનવાનો?? ભર્યા ભાણાની પ્રબળ ઈચ્છા હોય અને આંગળા ચાટી સંતોષ માનવાનો. અમુક તમુક પક્ષોની હાલત આવી જ છે.એમની પાસે મોટા કદના કદાવર નેતા નથી. એક બે મુખરજી -ઉપાધ્યાયને મેગ્નિફાઈંગ ગ્લાસથી તેને મહાન બનાવવા લોહી પાણી વહાવે છે! પછી ના છૂટકે વિપક્ષના નેતાને હેક કરે છે!!

ઠગ અને ધૂતારા પર્સાયવાચી સંજ્ઞા છે. ઠગ કળા પણ પ્રાચીનતમ છે. ઈવે ઠગ વિધ્યા અપનાવીને આદમ પાસે વૃક્ષ સફરજન ચૂંટાવી આરોગ્યું અમે સંસારની પળોજણ ઉભી થઈ.આમ, ન થયું હોત તો દુનિયા એશોઆરામ સુખચેનથી હોત!!! નોકરી કરવા, ઘર ચલાવવા, ધંધાધાપા ચલાવવાની બબાલ સર્જાઇ ન હોત!!

બ્રાહ્મણ અને ત્રણ ઠગની વાર્તા જંગ મશહૂર છે. જેમાં એસ સીધેસીધો બ્રાહ્મણ દાનમાં મળેલ બકરું ખભે નાંખીને સ્વગૃહે જઇ રહ્યો હતો. રસ્તામાં ત્રણ ઠગ મળ્યા અને તેમની રણનીતિ મુજબ બ્રાહ્મણ બકરું નહી પણ કૂતરૂં લઈને જઇ રહ્યો છે તે ઘોર પાતક છે એવું બ્રાહ્મણનું બ્રેઈન વોશિંગ કરી નાંખ્યું. બ્રાહ્મણે બકરાથી હાથ ધોવા પડયા!!

આપણા રાજયની કમનસીબી રહી છે કે આપણી પાસે કુખ્યાત, નામચીન, સ્વનામધન્ય , પ્રાતઃસ્મરણીય ઠગરત્ન નથી. એટલે આપણે નટવરલાલ ( નચવરલાલની કહાની કચકડે પણ કંડારાઇ છે. અમિતાભે અફલાતૂન એકટિંગ કરી હતી!! ), બન્ટી ઔર બબલી, અલિબાબા ઔર ચાલીસ ચોર, ચાર્લ શોભરાજ જેવા ઠગપુંગવોનું મહિમાગાન કરવું પડ્યું!!આપણું કેટલું સ્વમાન ઘવાય? આપણો તેજોવધ થાય! આપણા ગુજરાતની સાડા છ કરોડની વસ્તી અને સમ ખાવા કે આંગળીના વેઢે ગણાય નહીં તેટલા ઠગ નહીં. સમાજ જીવન કે જાહેર જીવન કેટલું તકલાદી ગણાય!! આપણે મહતમ સંખ્યામાં ઠગો બને તેના માટે શું કર્યું? ઠગ પ્રોત્સાહન યોજના કેમ લોંન્ચ ન કરી?? ગામડે ગામડે ન્યુનતમ એક ઠગ હોય તેવું માઇક્રોલેવલ પ્લાનિંગ કેમ ન કર્યું?? ભાલાના ફળા જેવા પ્રશ્નોનો જવાબ શાસકોએ આપવો રહ્યો!! વરસો પહેલા બેંકના પૈસે બેંકને ચૂનો લગાડનાર શેર સટા કિંગ હર્ષદ મહેતા દર યુગે કયા થાય છે?!!

એ તો ભલું થજો ઠગરત્ન કે ઠગશિરોમણી કે જેમાં અંભૂતપૂર્વ પ્રેરણાદાયી કારનામા ખારી બિસ્કિટના પડની જેમ ખુલવા માંડ્યા. એક ગુજરાતી તરીકે છાતી ફાટુફાટુ થઇ ગઇ!!!જયાં તમને અરજ ગુજારવા છતાં સિકયોરિટીમા એક સિપઇડું મંજૂર ન થાય. ત્યાં અરજી કર્યા સિવાય કે એજન્સી પાસેથી રિપોર્ટ મેળવ્યા વિના મોઢામોઢની વાતને આધારે ઝેડ પ્લસ સિકયોરિટી મળે . જેમાં એમ્બ્યુસન્સ હોય, ફૂડ ટેસ્ટર હોય એ જેવી તેવી નહીં પણ સાત ભવમાં મેળવી ન શકો એવી લાઈફ ટાઈમ એચિવમેન્ટ કહેવાય. ગઝલ ગાયક ગઝલ ગાય ત્યારે મત્લા કે મિસરા કે શેર પર ગૌર ફરમાવવા કદરદાન શ્રોતાને વિનંતી કરે છે.હવે તમે કિરણ પટેલ સરની આડી-ઉભી-ત્રાંસી સિધ્ધિ માટે બીગ એપ્લાઉઝ કરો. તાળીના ગગનભેદી ગુંજારવથી સ્વાગત કરો. કિરણ સરે શું કર્યું એ ન પૂછો, પરંતુ, શું કર્યું એ પૂછો!! (સ્વ)વિકાસની વણથંભી સર્જી છો દુખભરે દિન બીતે રે ભૈયા સ્વદેશી ઠગદિન આયો રે, ગૌરવ હમારા લાયો રે !!

# દક્ષિણ ગુજરાતના ઝંઝાવાતી પ્રચાર અભિયાન અન્વયે વલસાડ લોકસભાના વાંસદા ખાતે વિજય સંકલ્પ સભાને સંબોધતા કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ



ગાંધીનગર લોકસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે તેમના દક્ષિણ ગુજરાતના ઝંઝાવાતી પ્રચાર અભિયાન અન્વયે વલસાડ લોકસભાના વાંસદા ખાતે વિજય સંકલ્પ સભાને સંબોધી હતી.

શ્રી અમિતભાઈ શાહે ઉનાઈ માતા,શબરીધામ ભાવભાવેશ્વર અને ભગવાન બિરસા મુંડાને પ્રણામ કરી વિશાળ જનસભાને સંબોધનમાં જણાવ્યું હતું કે

ભાજપના યુવા ઉમેદવાર શ્રી ધવલભાઈને આપેલ પ્રત્યેક મત નરેન્દ્રભાઈ મોદીને ત્રીજીવાર વડાપ્રધાન બનાવશે. તેઓએ કહ્યું હતું કે શ્રી ધવલભાઈ યુવા ટેક્નોસેવી અને આદિવાસી વિકાસને વરેલા ભાજપાના ઉમેદવાર છે. શ્રી શાહે ધવલભાઈ દ્વારા લીખિત પુસ્તક જનજાતીય સ્વાતંત્ર્ય વીરોનો ઉલ્લેખ કરતા કહ્યું કે ભાજપાના શાશનમાં જ દેશમાં પ્રથમ વખત આદિવાસી કલ્યાણ મંત્રાલયની સ્થાપના થઈ. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી એ દશ જેટલા મ્યુઝિયમના માધ્યમથી આદિવાસી ક્રાંતિવીરોને આદરાંજલી સાથે સમગ્ર સમાજને ગૌરવ બક્ષવાનું કામ કર્યું છે.

શ્રી શાહે વધુમાં જણાવ્યું હતું કે સમગ્ર આદિવાસી વિસ્તારમાં વિકાસ, રોજગારી, શિક્ષણ અને પાયાની સુવિધાઓ અને આરોગ્યસેવાઓ સુદઢ કરવાનું કાર્ય ભાજપા સરકારે સમર્પિતભાવે કર્યું છે.તેઓએ કોંગ્રેસ અને આપ પાર્ટી પર પ્રહાર કરતા જણાવ્યું કે આ બંને રાજકીય પક્ષો આદિવાસી વિસ્તારની શાંતિ ડહોળવાનું કામ કરવાના છે. કોંગ્રેસ અને આપ જીતશે તો આદિવાસી ક્ષેત્રોમાં ઉદ્યોગોની ખંડણી અને નક્સલવાદનો પગપેસારો થશે તેવો ભય પણ શ્રી શાહે વ્યક્ત કર્યો હતો.

શ્રી શાહે કોંગ્રેસને આડેહાથ લેતા જણાવ્યું કે કોંગ્રેસ એટલે જૂઠાણાંનું કારખાનું. કોંગ્રેસ પાસે નથી નેતા, નથી નીતિ કે નથી નિયત. કોંગ્રેસએ ૨૦-૨૦ વખત રાહુલયાન ને લોન્ચ કર્યું પરંતુ દરેક વખતે તે નિષ્ફળ ગયું. કોંગ્રેસ ના તો દેશ નું ભલું કરી શકે ના દલિતોનું કે ના આદિવાસીઓનું. ૭૦ વર્ષ સુધી દેશમાં શાસન હોવા છતાં કોઈ આદિવાસીને રાષ્ટ્રપતિ ન બનાવ્યા. જયારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઓરિસ્સાના ગરીબ પરિવારની દીકરી શ્રીમતી દ્રૌપદી મુર્મુજીને રાષ્ટપતિ બનાવ્યા. કોંગ્રેસે કોરોના વેક્સીન અને પ્રધાનમંત્રી કિસાન સન્માન નીધી અંગે પણ આદિવાસીઓને ગેરમાર્ગે દોરી આદિવાસી સમાજને આર્થિક અને જીવનું નુકશાન કરાવ્યું છે. કોંગ્રેસે જીઝ, જી઼ અને ઁઝ્ઝ ના આરક્ષણ પર લૂંટમારી કરી કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં લઘુમતીઓને આરક્ષણ આપ્યું. શ્રી શાહે આ બંને રાજયોમાં ભાજપાની સરકાર આવશેતો લઘુમતિઓનું આરક્ષણ રદ કરી જીઝ, જી઼ અને ઁઝ્ઝ ને તેનું મૂળ આરક્ષણ પરત આપવાનું વચન આપ્યું. તેઓએ કહ્યું કે કરોડો લોકોની આસ્થા સાથે જોડાયેલ રામમંદિરનો પ્રશ્ન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉકેલ્યો, ભૂમિપૂજન કરી અને પ્રાણ-પ્રતિષ્ઠા પણ કરી. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દેશમાં આસ્થાના કેન્દ્રોની કાયાપલટ કરીને તેને ઉર્જાના કેન્દ્રો બનાવ્યા.

શ્રી શાહે કહ્યું હતું કે જો ઈન્ડી એલાયન્સ જીતે તો વડાપ્રધાન કોણ બનશે એ મોટો પ્રશ્ન છે. જયારે ભાજપા જીતે તો આદરણીય નરેન્દ્રભાઈ મોદી ડંકાની ચોટ પર વડાપ્રધાન નક્કી છે. કોંગ્રેસના રાહુલબાબા વારંવાર સંસદીય ક્ષેત્ર બદલી રહ્યા છે. સમસ્યા સંસદીયક્ષેત્ર માં નહિ પણ રાહુલબાબામાં છે.

શ્રી શાહે વલસાડ, ધરમપુર અને કપરાડાના ક્ષેત્રમાં વિકાસ કાર્યોનો ઉલ્લેખ કરતા જણવ્યું કે ભાજપાએ ૩૧,૦૦૦ આદિવાસીઓને તેમના જમીનના અધિકારો પરત આપ્યા. ૨૩૦૦ કરોડ રૂ ના ખર્ચે દિલ્લી-મુંબઈ એક્સપ્રેસ-વે, ૭૫ કરોડના ખર્ચે ૨૦ રેલવે ઓવરબ્રિજ, વલસાડ પાસેથી ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોર, મેગા સી-ફૂડ પાર્ક, ત્રણ તાલુકાના સમુદ્રીવિસ્તારમાં ૨૩ કીમી લાંબી સંરક્ષણ દીવાલ સહિતના કર્યો કર્યા છે. તેઓએ કહ્યું કે કોંગ્રેસના સમયમાં આદિવાસીઓ માટેનું બજેટ ૨૯,૦૦૦ કરોડ હતું જેને આદરણીય મોદીજી એ વધારીને ૧,૩૧,૦૦૦ કરોડ કર્યું છે. આ ઉપરાંત બિરસા મુંડા, ગોવિંદગુરૂ યુનિવર્સીટીઓની સ્થાપના, મોડેલ એકલવ્ય સ્કૂલો, ૪૦,૦૦૦ શિક્ષકોની ભરતી જેવા કાર્યના માધ્યમથી સમગ્ર આદિવાસી વિસ્તારને વિકાસના પથપર આગળ ધપાવ્યો છે.

શ્રી શાહે ઉમેર્યું હતું કે કોંગ્રેસ એટલે જૂઠું બોલવું, જાહેરમાં બોલવું, વારંવાર બોલવું અને જોરથી બોલવું. દેશને કેવળ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જ સુરક્ષિત, મજબૂત અને સમૃદ્ધ કરી આદિવાસીઓનું કલ્યાણ કરી શકે. શ્રી શાહે અંતમાં ભાજપા ઉમેદવારોને પ્રચંડ બહુમતીથી જીતાડી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત સંકલ્પ ને બળ આપવા આહવાન કર્યું હતું. આ સભામાં ભાજપા રાજ્યકક્ષાના મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, લોકસભા ક્લસ્ટર પ્રભારી શ્રી ભરતભાઈ પંડ્યા, ભાજપા ઉમેદવાર શ્રી ધવલ પટેલ, સાંસદ શ્રી ડો. કે.સી.પટેલ, ધારાસભ્યંશ્રીઓ, સ્થાનિક સંગઠનના પદાધિકારીઓ, સિનિયર આગેવાનો, અગ્રણીશ્રીઓ તથા વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ, શુભેચ્છકો અને સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.

## સ્વયમ સંચાલિત પુસ્તક પરબ ને આજ રોજ ૧૦૧ પુસ્તકો અંદાજિત ૭૦૦૦ ની કિંમત ના સપ્રેમ ભેટ મળ્યા

માન. આર. એમ. ચૌધરી જિલ્લા શિક્ષણ અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અમદાવાદ શહેર, ને આજરોજ પરમ પૂજય ★ગીતાર્થ ગચ્છાધિપતિ ગુરુદેવ જેનાચાર્ય શ્રીમદ વિજય રાજ્યશસુરીશ્વરજી મહારાજ સાહેબના ૬૦માં સંયમ વર્ષ પૂર્ણાહુતિ નિમિત્તે તેમજ (પૂ.સા. વર્ષાશ્રીજી મ.સા. બેન મ.સા) ૭૫માં વર્ષ પ્રવેશ નિમિત્તે કુલ ૧૦૧ પુસ્તકો જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી આર એમ ચૌધરી સાહેબ સ્વયં સંચાલિત પુસ્તક પરબના કન્વીનર ડી એચ અમીન કવિ 'ખામોશ' આ તકે હિરેનભાઈ શાહ દ્વારા અર્પણ કરવામાં આવ્યા. ૧૦૧ઉત્તમ કક્ષાનાઅંદાજિત ૭,૦૦૦ ની કિંમત નાપુસ્તકોઆપીને



સમાજનેએક નવો દાખલોપૂરો પાડ્યો છે આવનારી ભાવી પેઢી આ પુસ્તકોનું ચયન કરે અને એક નવા વિચારોને જન્મ આપે, પુસ્તક દાતાશ્રીના વિચારને માન. સાહેબ શ્રીએ આ તકે સકારાત્મક અભિગમ વ્યક્ત કર્યો, સાથે સાથે

કદાચ એમ કહેવું અતિશયયુક્તિ નહીં હોય કે ગુજરાત રાજ્યની માત્રને માત્ર એક એવી કચેરી કે જ્યાં સ્વયં સંચાલિત પુસ્તક પરબ શરૂ કરવામાં આવ્યું છે,

કચેરી ખાતે કામ સબ આવતા લોકોને પોતાની મનગમતા પુસ્તકો, સમાચાર પત્રો અને સામયિકો વાંચી શકે અને તેમની વાંચન રસ રૂચી વધે તે માટે કચેરી દ્વારા આ પરબ શરૂ કરવામાં આવી આ પરબ પર કોઈ પણ પોતાના કોઈ વિશિષ્ટ દિવસ કે જન્મદિવસે પુસ્તકો ભેટ પણ આપી શકે છે અને પોતાને મનગમતા પુસ્તકો સ્વયંભૂ વાંચીને પરત મૂકી જાય છે. આ રીતે આજના ડિજિટલ યુગ માંથી બહાર આવી આપણા વૈભવી વારસા સમાં પુસ્તકોના ખજાના તરફ પાછા વળીએ

## નિસર્ગ વિમેન સાયન્સ ક્લબના ઉપક્રમે સૂર્યદિન અંતર્ગત વાનગી હરીફાઈ યોજાશે

**ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા વિમેન સાયન્સ ક્લબ બનાવવામાં આવી છે જેમાં ૧૫૦ જેટલી બહેનો જોડાઈ છે આ ક્લબના ઉપક્રમે દર માસે વૈજ્ઞાનિક અભિગમ સાથે કોઈના કોઈ કાર્યક્રમનું આયોજન થાય છે**

**૫ મેના રોજ સૂર્ય દિન ઉજવણી અંતર્ગત આ ક્લબ સાથે જોડાયેલ બહેનો માટે "વિસરાતી વાનગી અને તંદુરસ્ત ખોરાક "પર વાનગી હરીફાઈ નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ૩૦ જેટલી બહેનો વાનગી બનાવીને લઈને આવશે અને ૭૦ જેટલી બહેનો કાર્યક્રમમાં જોડાશે સૂર્ય દિન અંતર્ગત સાયન્સ સેન્ટરના ડાયરેક્ટર અનિલભાઈ પટેલ "સૂર્ય ઉર્જા નો વ્યવહારમાં ઉપયોગ "વિશે વ્યાખ્યાન આપશે અને ઉર્જા ક્વિઝ રમાડવામાં આવશે સાથે સાથે સૂર્યકૂકરમાં રસોઈ બનાવવાનું નિદર્શન પણ કરાવવામાં આવશે.**

**સાયન્સ ક્લબના કન્વીનર મીતા ભટ્ટ અને સહ કન્વીનર દીપિકાબેન વાઘેલા સમગ્ર કાર્યક્રમનં સંકલન કરી રહ્યા છે નિર્ણાયક તરીકે જાણીતા કુકિંગ એક્સપર્ટ પરમજીત કોર ઉપસ્થિત રહી મૂલ્યાંકન કરશે વિજેતા સ્પર્ધકો ને ઈનામ તથા ભાગ લેનારને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાશે**

## પાટણ સંસદીય બેઠક.ના ઉમેદવાર માટે અભિનેતા.હિતુ કનોડીયાએ ધિણોજ ગામે રેલી સાથે મતદારો નો સંપર્ક કરી પ્રચાર કર્યો



જ્યારે લોકસભા ની ચૂંટણી ની મતદાનની તારીખ ને ગણત્રી ના દિવસો બાકી રહ્યા છે ત્યારે મતદારોને રીઝવવા બંન્ને પક્ષના કાર્યકરો એડીચોટી નું જોર લગાવી રહ્યા છે. ત્યારે ચાણસ્મા ના મેઘા વિલેજ ધિણોજ ગામે પાટણ સંસદીય બેઠકના ભાજપ ના ઉમેદવાર ભરતજી ડાભી ના સમર્થનમાં ધારાસભ્ય અને ગુજરાતી ફિલ્મ ના અભિનેતા હિતુ કનોડીયા ધિણોજ ગામે પ્રચાર રેલી માં આવી પહોંચતા મોટી સંખ્યા તેમના ચાહકો અને મતદારો જોડાયા હતા તો બીજી બાજુ હિતુ કનોડીયા નો ચાહકવર્ગ ફોટા પડાવી આનંદ વ્યક્ત કર્યો હતો રેલીમાં ભાજપના મૂકેશભાઈ પટેલ દાઢી વિનય સિંહ ઝાલા કિરણભાઈ જાની ધિણોજ ગ્રા પં ના પૂર્વ સરપંચ નાનજીભાઈ ચૌધરી સહિત મોટી સંખ્યા માં ગામલોકો જોડાયા હતા

# અમદાવાદના દાણીલીમડા વિસ્તારના એકતાનગર ખાતે યોજાયેલી ન્યાય સંકલ્પ સભામાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પ્રચાર અર્થે હાજરી આપી કોંગ્રેસને ભવ્ય વિજય અપાવવા કાર્યકરો અને લોકોને હાકલ કરી

અમદાવાદ શહેરના દાણીલીમડા વિસ્તારના એકતાનગર ખાતે યોજાયેલી ન્યાય સંકલ્પ સભામાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પ્રચાર અર્થે હાજરી આપી કોંગ્રેસને ભવ્ય વિજય અપાવવા કાર્યકરો અને લોકોને હાકલ કરી હતી. જંગી જનસભામાં ભાજપ પર આકરા પ્રહારો કરતા કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી મલ્લીકાર્જુન ખડગેજીએ તા. ૩—૫-૨૦૨૪ના રોજ સાંજે ૭-૩૦ કલાકે પત્રકાર પરિષદ બાદ અમદાવાદમાં જનસભાને સંબોધી જણાવ્યું હતું કે, દરેક રાજ્યમાં ગયા બાદ મને લાગી રહ્યું છે કે, ૧૦ વર્ષની સરકારને મતદારો અલવિદા કરવા માંગે છે. ઈમોશનલ વાતો કરી મોદીએ ૧૦ વર્ષ કાઢી નાખ્યા, નોકરીઓ આપવા માટે મોદી સરકાર કોઈ ખાસ યોજના ન લાવી શકી. મોંઘવારી-બેરોજગારી અંગે ભાજપ સરકાર કઈ બોલશે નહીં.





વડાપ્રધાન મોદી મહિલાઓ અને દલિતો અંગે ઘણી વાતો કરે છે દેશ-વિદેશમાં ફરી રહ્યા છે. પરંતુ મણિપુર નહી જતા એક તરફ મહિલા સુરક્ષાની મોટી મોટી વાતો કરે છે. બીજી તરફ મહિલાઓ વિશે અશોભનીય નિવેદન આપનાર પરષોત્તમ રૂપાલાને ભાજપ સમર્થન આપે છે. સંવિધાન બદલવાની વાત ભાજપના નેતાઓ જ કરી રહ્યાં છે. કર્ણાટકથી આવતા ભાજપ નેતા અનંતકુમારે ૨/૩ બહુમતી આપવાની અપીલ કરી સંવિધાન બદલવાનો દાવો કર્યો હતો. ૨૦૧૫માં મોહન ભાગવતે પણ આરક્ષણ હટાવવાની હિંમત કરી હતી. લોકતંત્રને બચાવવા અને સંવિધાનને જાળવવા કોંગ્રેસ લડતી લડી રહી છે. અમદાવાદમાં યોજાયેલી જાહેરસભામાં તેઓએ ભાજપમાં જોડાયેલ નેતાઓ અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદી અમને ભ્રષ્ટાચારી કહે છે તો પછી ભ્રષ્ટાચારી કોંગ્રેસ નેતાઓને કેમ તેમની પાર્ટીમાં જોડે છે તમે તો બમણા ભ્રષ્ટાચારી છો. ખેડૂતો વિરૂદ્ધ જે કાનૂન હતા તે માટે કોંગ્રેસે પ્રદર્શન કર્યો, મજુરો સાથે થઈ રહેલ અન્યાય મુદે કોંગ્રેસે લડત લડી ત્યારે પણ અમને બહાર નીકાળી ફેંક્યા હતા. જ્યારે પણ કોંગ્રેસે ગરીબો માટે અવાજ ઉઠાવી છે. ત્યારે અમારી અવાજ દબાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, 'યાદ રખના બીજેપીવાલો, હમ કટેંગે લેકીન સર નહીં જુકાનેવાલે'. સિદ્ધાંતને લઈ લડી રહ્યા છે અને અમારો સિદ્ધાંત દેશ માટે સારો છે. અમારી ફરજ છે કે દેશના સંવિધાનને બચાવી ગરીબો માટે આજે જે મોંઘવારી, બેરોજગારી વધી રહી છે તેને ઓછી કરવાની જરૂરી છે. ૨૦૧૪માં યુપીએ સરકારમાં પેટ્રોલનો ભાવ ૬૬ રૂ. હતો. જ્યારે આજે ૨૦૨૪માં ૧૦૨ રૂ. છે. 'સબકા સાથ સબ કા વિકાસ તો છોડો સબ કો તુમ બરબાદ કર રહે હો', ડીઝલ ૫૩ રૂપિયા હતો. આજે ૯૯ રૂપિયા છે કેટલીક જગ્યાએ ૮૮ રૂપિયા છે. ડીઝલની કિંમત હવે બમણી થશે એનો જિમ્મેદાર કોણ ? મોદીજી ક્રૂડ ઓઈલ જે આપણે બહારથી મંગાવીએ છીએ, તે અમારી સરકારમાં બહારથી મંગાવવામાં મોંઘુ પડતું હતું. આજે એ ક્રૂડ ઓઈલ સસ્તુ છે તો પણ મોંઘુ વેચી નરેન્દ્ર મોદી રમત રમી રહ્યાં છે. કોંગ્રેસ મોંઘવારીમાં પણ ક્રૂડ ઓઈલને સસ્તામાં આપતી હતી, ખાલી જિંદાબાદ કહેવાથી દેશ નથી ચાલતું કાર્ય પણ કરવું પડે છે. એલપીજી ૪૧૪ રૂપિયા કોંગ્રેસની સરકારમાં હતું. આજે ૧૦૦૦ રૂપિયા છે. આટલી મોંઘવારી તેઓ કરી રહ્યા છીએ તેની ચિંતા કોઈને નથી, જે વસ્તુથી તમને નુકસાન પહોંચે છે. જો અવાજ બુલંદ નહી કરો તો દેશ માટે નુકસાન છે. આટા, દૂધ, ઘી, તુવેર દાળ વગેરેનો ભાવ વધારી દીધો છે. આ છે મોદીની સરકાર...!

તેઓએ જણાવ્યું કે, ૭ તારીખે મત આપવા ઉભા થાવ અને પંજાના નિશાનને દબાવો મોદીજીની સરકાર ખતમ. મત એ તમારી પાસે મજબૂત હથિયારની જેમ છે. આ હથિયાર તમને બાબા સાહેબ આંબેડકરે સંવિધાનના રૂપમાં આપ્યો છે, ગાંધીજીએ આપ્યો છે, નહેરૂજીએ આપ્યો છે. ભાજપે કંઈ નથી આપ્યું, અને કહે છે કે દેશ માટે અમે લડી રહ્યા છીએ. દેશ માટે તો કોંગ્રેસ લડત લડી રહી છે. પંડિત જવાહરલાલ નહેરૂ વર્ષો સુધી જેલમાં રહ્યા, ઈન્દિરા ગાંધીએ પોતાના પ્રાણ આપ્યા, તેમને તો ૩૨ ગોળીથી છન્ની-છન્ની કરી દેવાયા. તમિલનાડુમાં માનવ બોમ્બ કમર પર લટકાવીને આવેલી મહિલાએ રાજીવ ગાંધીને બોમ્બથી ઉઠાવી હત્યા કરાઈ હતી. કોંગ્રેસ પક્ષ બલિદાન આપનારો પક્ષ છે. ભાજપ જેમ નાસી જાય તેવી નહી. બધી જ મુશ્કેલીઓમાં ગરીબ લોકો સાથે અમે રહીશું. કોઈ ભેદભાવ કરીશું નહી અને ન્યાય માટે લડતા રહીશું. મલ્લિકાર્જુન ખડગેએ અંતે મોદીજી હટાવો-દેશ બચાવોનો નારાઓ પણ લગાવ્યા હતા. અમદાવાદ આજે ભારતમાં કાયદો અને આખું તંત્ર વિખરાઈ ગયું છે. દેશમાં વધતી બેરોજગારી અને ભ્રષ્ટાચાર લોકો સહન કરી રહ્યા છે. આજે દેશની જે હાલત છે. તેના માટે માત્રને માત્ર ભાજપ જવાબદાર છે. ૭મી તારીખે કોંગ્રેસની તરફેણમાં મત કરો.

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય મહામંત્રી અને સાંસદશ્રી મુકુલ વાસનીકજી અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલ, એ.આઈ.સી.સી. મંત્રીશ્રી રામકિશન ઓઝા, શ્રી ઉષા નાયડુ, પૂર્વ પ્રદેશ પ્રમુખશ્રી સિધ્ધાર્થ પટેલ, પૂર્વ સાંસદશ્રી અમી યાજ્ઞિક, વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, રાષ્ટ્રીય નેતાશ્રી ઈમરાન કીડવાઈ, લોકસભાના અમદાવાદ પૂર્વના ઉમેદવારશ્રી હિંમતસિંહ પટેલ, અમદાવાદ પશ્ચિમના ઉમેદવારશ્રી ભરતભાઈ મકવાણા, વિપક્ષ નેતાશ્રી શહેઝાદખાન પઠાણ સહિત અગત્યના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં અને મોટી સંખ્યામાં ભાઈ-બહેનો-યુવાનો જનસભામાં ઉપટી પડ્યા હતા.

## મહૂવા ટૂ મુંબઈ - દસ્તાવેજી ફિલ્મ દર્શાવાઇ

ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટી, જય સહજાનંદ ઉત્કર્ષ કેળવણી મંડળ-લુનાવાડા, શ્રી મહુવા યુવક સમાજ - મુંબઈના સંયુક્ત ઉપક્રમે વકીલ દિવ્યકાંત મહેતા દ્વારા લિખિત જીવનચરિત્ર - આઇ ધ જ્યુરી - પર આધારિત ડોક્યુમેન્ટરી ફિલ્મ દર્શાવવાના કાર્યક્રમનું આયોજન મલાડના અસ્પી ઓડિટોરિયમ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખગોળશાસ્ત્રી ડો. જે.જે. રાવલ, પીડીલાઇટ ઇન્ડ. (ફેવિકોલ બ્રાંડ)ના ડિરેક્ટર નરેન્દ્રભાઇ પારેખ, ઇસરો, અમદાવાદના ડે. પ્રોજેક્ટ ડિરેક્ટર ભરતભાઇ મહેતા, જય સહજાનંદ ઉત્કર્ષ કેળવણી મંડળ-લુનાવાડાના પ્રમુખ ડો.મનુભાઇ પટેલ, નિરંજન શેઠ, શ્રી મહુવા યુવક સમાજ - મુંબઈના સીએ અનંતભાઇ મહેતા, નરેન્દ્ર દવે ઉપરાંત

તુષાર મહેતા, ડો. ગિરીશ ત્રિવેદી, જિતેન્દ્ર દવે, મિહિર શેઠ, ગિરીશ પટેલ, ટીવી કલાકાર સુરેન્દ્ર પાલ સહિત અનેક મહાનુભાવ હાજર રહ્યા હતા. ડો.મનુભાઇ પટેલ આ પ્રસંગના પ્રણેતા હતા. નિરંજન શેઠ અને અનંતભાઇ મહેતાએ કાર્યક્રમનું કોઓર્ડિનેશન કરેલું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.